એપ્રિલ 19, 2023

# મોબાઈલ બિઝનેસ રિન્યુઅલ્સ અને લાઈસન્સિંગ હવે ઓનલાઈન ઉપલબ્ધ છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો – મોબાઈલ બિઝનેસ ડ્રાઈવર્સ અને ઓપરેટર્સ હવે પોતાના લાઈસન્સ અને વેહિકલ પ્લેટ્સ માટે ઓનલાઈન અરજી કરી શકે છે અને રિન્યુ કરી શકે છે.

સીટી ઑફ બ્રેમ્પટન દર વર્ષે લગભગ 1,500 ડ્રાઈવર/ઓપરેટર લાઈસન્સીસ આપે છે અથવા રિન્યુ કરે છે, અને દર વર્ષે લગભગ 1,200 વેહિકલ પ્લેટ્સ ઈસ્યુ અથવા રિન્યુ કરે છે.

સીટી ઑફ બ્રેમ્પટનમાં નીચેના મોબાઈલ બિઝનેસોને હાલમાં સંચાલન કરવાના હેતુસર લાઈસન્સ અને વેહિકલ પ્લેટની જરૂર છે:

- લિમોઝીન
- ટો ટ્રક્સ
- ડ્રાઈવિંગ સ્કૂલ વેહિકલ્સ
- ટેક્સી
- રિફ્રેશમેન્ટ વેહિકલ્સ

લાઈસન્સિંગ એન્ફોર્સમેન્ટ (લાઈસન્સ અમલબજવણી કરનાર) ટીમ લાઈસન્સ આપતા પહેલાં વેહિકલ્સ અને ડ્રાઈવર્સ સીટીના મોબાઈલ લાઈસન્સિંગ બાય-લૉ (પેટા કાનૂન) હેઠળની લાયકાતોને યોગ્ય હોવાની ખાતરી કરે છે. આમાં મોટર વેહિકલ સુરક્ષા નિરીક્ષણો, ગુનાહિત/MTO તપાસો અને વીમાનો સમાવેશ થાય છે.

મોબાઈલ લાઈસન્સિંગ બાય-લૉ 67-2014 નું અનુપાલન થતું હોવાની ખાતરી કરવા મોબાઈલ ડ્રાઈવર/ઓપરેટર લાઈન્સીસ અને વેહિકલ પ્લેટ્સ આપવામાં આવે છે.

લાઈસન્સીસ અને વેહિકલ પ્લેટ્સ અને રિન્યુઅલ્સ માટેની વિનંતીઓ હવે માત્ર ઓનલાઈન અરજી પ્રક્રિયા મારફતે સ્વીકારવામાં આવશે. કોમ્પ્યુટરની પહોંચ ન ધરાવતા રહેવાસીઓ માટે કિઓસ્ક્સ ફ્લાવર સીટી કમ્યુનિટી કેમ્પસ (8850 McLaughlin Road South, Unit 2, Brampton ON L6Y 5T1) માં ઉપલબ્ધ છે.

લાઈસન્સ માટે અરજી કરવા કે રિન્યુ કરવા વેબસાઈટ જુઓ: ઇ-ફોર્મ (brampton.ca)

વેહિકલ પ્લેટ્સ માટે ઓનલાઈન અરજી કરવા કે રિન્યુ કરવા વેબસાઈટ જુઓ: ઇ-ફોર્મ (brampton.ca).

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca